બાર માઈલ લાંબો, માઁ નો પ્રેમ

ગ્લેનડા અર્માન્ડ



બાર માઈલ લાંબો, માઁ નો પ્રેમ





એ એક વિશેષ રાત હતી. માઁ મળવા આવી હતી. માઁ એ લાવેલી આદુ ની મીઠી કેક થી ફ્રેડરિક નું પેટ ભરેલું હતું. જેવો ફ્રેડરિક માઁ ના ખોળા માં બેઠો, એની હૂંફ અને એના ગાયન ના અવાજ થી મીણબત્તી થી રોશન રસોડું ભરાઈ ગયું.

ફ્રેડરિકે વિચાર્યું કે જયારે એ માઁ અને દાદીમાં બેટ્સી સાથે હતો, ત્યારે એ કેટલો ખુશ હતો. હવે એ એમના થી બહુ દૂર જૂના માલિક ના ઘર માં રહેતો હતો, જ્યાં વૃદ્ધ રસોઈયણ કાકી કેટી એની સંભાળ રાખતી હતી.

જયારે માઁ એ ગાવાનું બંધ કર્યું, ત્યારે ફ્રેડરિકે પૂછ્યું, "માઁ, હું તારી સાથે કેમ રહી ન શકું?"



"કાશ, તું મારી સાથે રહી શકતો હોત, ફ્રેડરિક," માઁ એ કહ્યું. "પણ તું જાણે છે કે હું આખો દિવસ મકાઈ ના ખેતર માં કામ કરું છું. એટલે હું તારી દેખભાળ નહીં કરી શકું."

"શું હું તમને મળવા આવી શકું છું?" ફ્રેડરિકે પૂછ્યું.

"નહીં બેટા. એ જગ્યા બહુ દૂર છે."

"કેટલે દૂર?" એણે પૂછ્યું.

"બાર માઈલ દૂર."

"પણ તમે તો ત્યાંથી ચાલી ને આવ્યા છો, માઁ."

"ઓહ, એ મારે માટે બહુ દૂર નથી," માઁ એ કહ્યું. "જેવી રીતે હું ચાલુ છું હું એ યાત્રા ને નાની બનાવી દઉં છું."

"માઁ, મને બતાવો કે તમે કેવી રીતે ચાલો છો, બતાવો કે તમે એ દૂરી ને કેવી રીતે નાની કરો છો."

ફ્રેડરિકે માઁ સામે જોયું. જયારે એણે એના પુત્ર ને જોઈને સ્મિત કર્યું ત્યારે એની આંખો માં મીણબત્તી ની રોશની પ્રતિબિંબિત થઈ રહી હતી.

"મારે માટે હરેક માઈલ વિશેષ હોય છે, ફ્રેડરિક. હર માઈલ કંઈક અલગ કરવા માટે હોય છે."

હવે ફ્રેડરિક નો મનપસંદ અંશ આવ્યો.

"પહેલો માઈલ શેને માટે હોય છે, માઁ?" એણે પૂછ્યું.

"પહેલા માઈલ માં હું ભૂલવાની કોશિશ કરું છું," માઁ એ ઉત્તર આપ્યો.

"તમે શું ભૂલો છો?"

"હું ભૂલી જાઉં છું કે હું કેટલી થાકેલી છું. હું મારી પીઠ નો દુખાવો ભૂલું છું અને મારા હાથ અને પગ નું દર્દ પણ. હું ભૂલી જાઉં છું કે મેં આજે આખો દિવસ કામ કર્યું છે અને કાલે વહેલી સવારે મારે ફરી ખેતરો માં કામ કરવું પડશે. અને જયારે ભૂલવાનું પૂરું થઈ જાય, પછી હું યાદ કરવાનું શરુ કરું છું. બીજો માઈલ યાદ કરવા માટે હોય છે."



"બીજા માઈલ માં તમે શું યાદ કરો છો?"ફ્રેડરિકે પૂછ્યું.

"હું તને યાદ કરું છું, ફ્રેડરિક. હું યાદ કરું છું કે તને ખિસકોલી નું અનુગમન પસંદ છે. હું યાદ કરું છું કે તું કેવી રીતે જમે છે. હું યાદ કરું છું કે તને કેવા સવાલ કરવા ગમે છે."


ફ્રેડરિક હસ્યો. પછી માઁ એ એને પાસે ખેંચ્યો. "હું એ યાદ કરીને ખુશ થાઉં છું કે તૂ મારો પુત્ર છે," એમણે કહ્યું.


ફ્રેડરિક બેઠો થયો અને એણે એની છાતી ફૂલાવી. "હું હેરિયેટ બેલી નો પુત્ર છું!"

"એ યાદ રાખજે જયારે કેટી કાકી તારી ઉપર કઠોરતા થી વર્તે," માઁ એ ચુપચાપ કહ્યું.

પછી એણે ઉપર જોયું અને કેટી કાકી ને રસોઈ ની ઉપર માળીયા માં હલચલ કરતા સાંભળી.

"તમે બીજું શું યાદ કરો છો, માઁ?" ફ્રેડરિકે પૂછ્યું.





"હું અવાજો નું શ્રવણ કરું છું," માઁ એ કહ્યું.

"શું ત્રીજું માઈલ અવાજો ના શ્રવણ કરવા માટે હોય છે?" ફ્રેડરિકે પૂછ્યું.


"હા," માઁ એ કહ્યું, "રાત્રી ના અવાજો ને સાંભળવા માટે."

"તમે શું સાંભળો છો, માઁ?"

"હું તમરાં ની ચિચિયારી અને ઘુવડ નો ઘૂ ઘૂ અવાજ અને વૃક્ષો માં જાનવરો નો ખડખડાટ સાંભળું છું."

"શું તમે એ અવાજો ને સમજી શકો છો?"

"હા, ફ્રેડરિક," માઁ એ કાનાફુસી કરી ને કહ્યું. "જયારે હું રાત ના અવાજો ને સાંભળું છું, તો મને આ વાક્ય સંભળાય છે, 'જો, હેરિયેટ. ઉપર જો.'"



"શું પછી તમે ચોથા માઈલ માં ઉપર જુઓ છો?" ફ્રેડરિકે પૂછ્યું.

માઁ એ માથું હલાવ્યું. "હા, ત્યારે હું તારાઓ તરફ ઉપર જોઉં છું."

"કેટલા તારા, માઁ?"

"અગણિત. એને ગણવા મુશ્કેલ છે. ક્યારેક-ક્યારેક હું એ બધાને મારી સામે ફેલાયેલા જોઉં છું. ક્યારેક-ક્યારેક એ વૃક્ષો ના પાંદડા ની વચ્ચે થી પલકારા મારે છે. હું તારા ને જોઉં છું, અને મારુ દિલ અચરજ થી ભરાઈ જાય છે."



"તમે કઈ બાબત નું અચરજ કરો છો?"ફ્રેડરિકે પૂછ્યું.

"પાંચમું માઈલ હું ભગવાન વિષે વિચારવા માં વિતાવું છું. એ ભગવાન વિષે જેણે ચંદ્ર-તારા અને જાનવરો ને બનાવ્યા અને તને અને મને પણ....."

"માઁ?"

"હા, ફ્રેડરિક?"

"ભગવાને આપણને ગુલામ કેમ બનાવ્યા?"

"ભગવાને આપણને ગુલામ નથી બનાવ્યા, ફ્રેડરિક. આપણે બધા ભગવાન ના જ બાળકો છીએ. સારા દિવસો આવી રહ્યા છે."

"તમને કેમ ખબર?" ફ્રેડરિકે પૂછ્યું.

"કેમકે હું પ્રાર્થના કરું છું," માઁ એ ઉત્તર આપ્યો.



"તમે છઠ્ઠો માઈલ પ્રાર્થના કરવામાં ગાળો છો," ફ્રેડરિકે હાથ જોડીને કહ્યું. "હું પણ પ્રાર્થના કરું છું, માઁ. ઈસ્હાક કાકા એ મને પ્રાર્થના કરતા શીખવાડયું છે."

"જયારે હું એક નાની છોકરી હતી ત્યારે ઈસ્હાક કાકા એ મને પણ એ પ્રાર્થના શીખવાડી હતી. એ બુદ્ધિમાન છે અને બુઢ્ઢા પણ. એ આફ્રિકા માં પેદા થયા હતા."

"આફ્રિકા ક્યાં છે?" ફ્રેડરિકે પૂછ્યું.

"બહુ દૂર," માઁ એ કહ્યું.

"એ ચાલી ને જવા માટે બહુ દૂર છે?"

"હા, મારે માટે પણ!" માઁ એ હસતા-હસતા કહ્યું. "એને માટે એક વિશાળ સમુદ્ર ને પાર કરવો પડે."

"સમુદ્ર કેટલો વ્યાપક છે?" ફ્રેડરિકે પૂછ્યું.

"એ માપવા માટે બહુ વ્યાપક છે."

"શું આફ્રિકા ના લોકો સ્વતંત્ર છે?"

"એ સ્વતંત્ર છે, પણ આફ્રિકા માં પણ જીવન બહુ કઠિન છે. જયારે લોકો સ્વતંત્ર હોય છે, ત્યારે એમને કઠોર પરિશ્રમ થી પણ થાક નથી લાગતો. હું એજ પ્રાર્થના કરું છું, ફ્રેડરિક. હું પ્રાર્થના કરું છું કે એક દિવસ આપણે બધા સ્વતંત્ર થઈયે. અને પ્રાર્થના કર્યા બાદ મારુ ગાવા માટે મન કરે છે."

"સાતમું માઈલ ગાવા માટે હોય છે!" ફ્રેડરિકે કહ્યું. "તમે શું ગાવ છો, માઁ? ઉદાસ ગીત કે ખુશી ના ગીત?"

માઁ એ જવાબ આપ્યો, "મારુ દિલ જે મહેસુસ કરે, હું એજ ગીત ગાઉં છું. ગાવા થી મારો આત્મા હલકો થાય છે, ચાહે ગીત ખુશી નું હોય કે ગમગીન. અને જયારે મારો આત્મા હલકો થાય છે, ત્યારે હું આઠમું માઈલ ચાલવા માટે તૈયાર થાઉં છું."







"આઠમા માઈલ માં તમે શું કરો છો?" ફ્રેડરિકે પૂછ્યું.

"આઠમું માઈલ મલકાવા માટે હોય છે. હું ખુશી ની વસ્તુઓ વિષે વિચારું છું. હું સારા, ખુશહાલ સમય વિષે વિચારું છું."

"ક્યાં ખુશહાલ સમય વિષે, માઁ?"

"મકાઈ ની લણણી ના સમયે જયારે અમે ફસલ કાપવા એક-બીજા ની મદદ કરવા એક ખેતર થી બીજા ખેતર માં જઇયે છીએ. અમે જોતા હોઈયે કે કઈ ટીમ સૌથી તેજી થી કાપે છે અને મકાઈ નો સૌથી મોટો પહાડ બનાવે છે. તેં તારા જીવન માં મકાઈ નો એટલો ઊંચો ઢગલો ક્યારેય જોયો નહીં હોય!"

"કેટલો ઊંચો?" ફ્રેડરિકે પૂછ્યું.

"એને માપવો બહુ મુશ્કેલ થાય," માઁ એ કહ્યું. "પણ એ દિલ હલકું કરવાનો, હસવાનો અને મજાક કરવાનો સમય પણ હોય છે! પછી, કામ પૂરું થયા બાદ, ખુબ ખાવાનું અને નાચવાનું પણ થાય છે."

"નૃત્ય!" ફ્રેડરિકે કહ્યું. "માઁ, શું તમે નાચો પણ છો?"

"બિલકુલ, મકાઈ નો નાચ, બાજ પક્ષી અને કબૂતર ની પાંખ નું નૃત્ય."

ફ્રેડરીક એ નામ સાંભળીને હસ્યો.

"ચાલો તને નાચતો જોઈયે, મિસ્ટર," માઁ એ કહ્યું. "આવ, આજે હું તને કબૂતર ની પાંખ વાળું નૃત્ય બતાવું."

તેઓ ઉઠયા અને મીણબત્તી ની રોશની માં રસોડા માં નાચવા લાગ્યા. માઁ એ એના લાંબા હાથ ફફડાવ્યા અને ફ્રેડરિકે એની નાની ભુજાઓ ઉપર નીચે હલાવી. માઁ એ ફ્રેડરિક ને ઉપર ઉઠાવ્યો અને એને ગોળ-ગોળ ઘુમાવ્યો, પછી એને નીચે ઉતારતા પહેલા પોતાની છાતી સરસો ચાંપ્યો.

ફ્રેડરિક જાણતો હતો કે તેઓ આખરી માઈલ પાસે પહોંચી રહ્યા હતા અને માઁ જલ્દી પાછી ચાલી જશે. એટલે એ આખરી માઈલ વિષે પૂછવા નહોતો માંગતો. એને લાગતું હતું કે જો તેઓ નાચતા રહે અને એણે ક્યારેય પૂછ્યું નહીં, તો એની માઁ ક્યારેય પાછી નહીં જાય.



જેવો માઁ એ એને પાછો ખુરશી પર બેસાડયો, માઁ એ ધીરે થી પૂછ્યું, "શું તું જાણે છે કે નવમું માઈલ કોને માટે છે, ફ્રેડરિક?"

"એ આભાર માનવા માટે છે."

"બિલકુલ સાચું. હું મારા જીવન માટે અને મારી સારી તબિયત માટે ભગવાન નો આભાર માનું છું. હું તારે માટે પણ ભગવાન ને ધન્યવાદ આપું છું, ફ્રેડરિક. તું મને આશા પૂરી પાડે છે."

"તો પછી દસમું માઈલ આશા માટે હોય છે?"

"હા, ફ્રેડરિક. મને તારી પાસેથી બહુ આશા છે. મને આશા છે કે એક દિવસ આપણે એક પરિવાર ની જેમ, સાથે-સાથે રહેશું. જયારે આપણે સ્વતંત્ર થશું."







"માઁ, આપણે જ્યારે સ્વતંત્ર થઈશું ત્યારે શું થશે?" ફ્રેડરિકે બગાસું ખાતા પૂછ્યું.

"હવે તું અગિયારમા માઈલ વિષે વાત કરી રહ્યો છે. એ સ્વપ્નાં જોવાનું માઈલ છે. હું સ્વતંત્ર થવાનું સ્વપ્નું જોઉં છું. ત્યારે આપણી પાસે પોતાની જમીન હશે અને આપણે પોતાને માટે કામ કરીશું. ત્યારે કોઈ ગુલામ કે માલિક નહીં હોય. આપણે ખુદ આપણા માલિક હોઈશું."

"શું તમે મારે માટે પણ સ્વપ્નાં જુઓ છો, માઁ?"

"હા, ફ્રેડરિક! હું તારા ભવિષ્ય માટે સ્વપ્નાં જોઉં છું. તું બહુ ચાલાક છે અને એક દિવસ તું કોઈ બહુ મોટું અને મહત્વપૂર્ણ કામ કરીશ. પણ હમણાં તારો પથારી માં પડવાનો અને સૂવાનો સમય છે."


"હું થાક્યો નથી," ફ્રેડરિકે કહ્યું.

"મને ખબર છે. પણ માઁ ને પાછા ફરવાની શરૂઆત કરવી પડશે."

માઁ એ એક વાર ફરી ફ્રેડરિક ને ગળે લગાવ્યો અને એને ત્યાં લઈ ગયા જ્યાં એ ભોંય પર સૂતો હતો. ફ્રેડરિક એક પાતળી, મકાઈ ના ફોતરાં ની બનેલી ગાદી પર સૂઈ ગયો. માઁ એ ગોઠણ ટેકવ્યા અને એને એક જૂનો ફાટેલો ધાબળો ઓઢાડ્યો.

ફ્રેડરિક ના પોપચાં ભારે હતા પણ એણે પૂછ્યું, "માઁ, બારમું માઈલ શેને માટે છે?"

"છેલ્લું માઈલ સૌથી સહેલું હોય છે, ફ્રેડરિક," માઁ એ જવાબ આપ્યો. પછી એ એના ગાલ ને ચૂમવા નીચે ઝૂકી. "બારમું માઈલ પ્રેમ માટે હોય છે."



જયારે માઁ ચાંદની રાત માં બહાર નીકળી, ત્યાં સુધી માં ફ્રેડરિક સૂઈ ગયો હતો.

જયારે એ બીજે દિવસે સવારે ઉઠયો, તો ફ્રેડરિક બહાર દોડયો અને એ સડક પર ગયો જ્યાંથી એને ખબર હતી કે એની માઁ પછી ફરી હતી. એની ઉદાસી માં એ હજી પણ એની માઁ ની ઉપસ્થિતિ ને મહેસૂસ કરી શકતો હતો. એણે એ બધી વાતો વિષે વિચાર્યું જે માઁ એ કહી હતી.

માઁ એ એને કહ્યું હતું કે અમુક એવી વસ્તુઓ હતી જેની એ ગણતરી કે માપ નહોતો કરી શકતો : આકાશ માં અગણિત તારા હતા, અને સમુદ્ર બહુ વિશાળ હતો, અને મકાઈ નો પહાડ બહુ ઊંચો હતો. પણ એક વસ્તુ હતી જેને એ માપી શકતો હતો. ફ્રેડરિક એના દિલ માં જાણતો હતો કે એની માઁ નો પ્રેમ બાર માઇલ લાંબો હતો.

અંત ના શબ્દો

ફ્રેડરિકે પોતાની આઝાદી એવી રીતે મેળવી, જેવી એની માઁ ની આશા હતી. ગુલામી થી મુક્ત થયા પછી, એણે એની અટક "બેલી" થી બદલી ને "ડગ્લાસ" કર્યું, જેથી એના પૂર્વીય માલિક માટે એને શોધવો મુશ્કેલ થઈ જાય. ફ્રેડરિક ડગ્લાસે આખરે અન્ય દાસો ની સ્વતંત્રતા માટે કામ કર્યું અને એક પ્રસિદ્ધ લેખક અને સાર્વજનિક વક્તા બન્યો જેણે ગુલામી ની વિરુદ્ધ પોતાનો અવાજ ઉઠાવ્યો. ગુલામો ની આઝાદી વિષે રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન સાથે ચર્ચા કરવા એ ઘણી વાર વ્હાઇટ હાઉસ ગયો. જયારે અંત માં ગુલામી સમાપ્ત થઈ, તો ડગ્લાસ મહિલાઓ ના અધિકારો ની લડાઈ માં શામેલ થઈ ગયો.

જોકે ડગ્લાસ ની માઁ એના દીકરા ને મોટો થતો જોવા જીવિત ન રહી, પણ એ જાણતો હતો કે માઁ ને એના ઉપર ગર્વ થાત. ડગ્લાસે એની સફળતા નો શ્રેય એની માઁ ને આપ્યો. અધિકાંશ ગુલામો થી વિપરીત, હેરિયેટ બેલી વાંચી સકતી હતી. શક્ય છે કે માઁ એ એના માલિક ના પરિવાર ના સદસ્યો પાસેથી જ વાંચતા શીખ્યું હોય. હેરિયેટ બેલી શબ્દો સાથે બહુ ચતુર હતી, અને એ ઉપહાર એણે એના પુત્ર ને પણ આપ્યો, કદાચ એ કિંમતી રાત ની યાત્રાઓ દરમ્યાન જયારે એ ફ્રેડરિક ને મળવા આવતી હતી. પોતાની આત્મકથા માં, ડગ્લાસે લખ્યું કે માઁ એ એને એક શક્તિશાળી બોધપાઠ શીખવ્યો : કે એ "કોઈ બાળક હતો, અને કોઈ નો બાળક હતો". માઁ ના પ્રેમે ફ્રેડરિક ડગ્લાસ ને એ વિશ્વાસ અપાવ્યો કે એ એક ગુલામ બનવા પેદા નહોતો થયો, પણ વાસ્તવ માં કોઈ મહાન કામ કરવા અને એક ઉલ્લેખનીય જીવન જીવવા માટે પેદા થયો હતો.

સમાપ્ત